લાઈસન્સ ફી(પ્રિમિયમ ઓફર તથા અરજી)
સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)
જમીન – મિલ્કત વિભાગ

## સુરત મહાનગરપાલિકા

**સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)વિસ્તારમાં આવેલ સર્કલ/ ટ્રાફિક આઈલેન્ડને સ્પોન્સરશીપથી ડેવલોપ કરવા માટે નિભાવણી/જાળવણી તેમજ સુશોભનને લગતી સેવાઓ મુકરરદરે પુરી પાડવા માટેનું કામ.**

# ઓફર ફોર્મ

## લાઈસન્સ ફી(પ્રિમિયમ ઓફર તથા અરજી)

**ઓફર ભરનાર :–** ......................................
......................................
......................................

ઓફર અપલોડ કરવાની શરૂઆતની તારીખ : ૦૬ / ૧૨ / ૨૦૨૩ ના રોજ સાંજે ૫.૦૦ કલાક સુધી
ઓફર ભરી સબમીટ કરાવવાની છેલ્લી તારીખ : ૦૨ /૦૧ / ૨૦૨૪ ના રોજ સાંજે ૬.૦૦ કલાક સુધી

**ઓફર મોકલવાનું સરનામું :**

પ્રતિ,
કાર્યપાલક ઈજનેર
સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)
વાટીકા ટાઉનશીપ સામે,ડુંભાલ,સુરત.
ફોન નં.૨૩૩૧૯૦૩/૯૦૪

ઓફર લેટર

પ્રેષક :–
સંસ્થાનું પૂરેપુરુ નામ :– ______________________
સરનામું :– ______________________
મો.નં. :– ______________________

**પ્રતિ,**
**કાર્યપાલક ઈજનેરશ્રી**
**સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)**
**સુરત.**

**વિષય :– સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)વિસ્તારમાં આવેલ સર્કલ/ ટ્રાફિક આઈલેન્ડને સ્પોન્સરશીપથી ડેવલોપ કરવા માટે નિભાવણી/જાળવણી તેમજ સુશોભનને લગતી સેવાઓ મુકરરદરે પુરી પાડવા માટેનું કામ.**

સંદર્ભ :– (૧) ડે.મ્યુ.કમિશ્નરશ્રી તા.૦૮/૧૧/૨૦૨૩ ની મંજુરી.
(૨)સ્થાયી સમિતિ ઠરાવ નં. ૧૩૫૧/૨૦૨૧ તા.૦૯/૧૨/૨૦૨૧ તથા સામાન્ય સભા ઠરાવ નં. ૪૨૪/૨૦૨૧,૨૭/૧૨/૨૦૨૧ (જાણકારી માટે સામેલ છે જેમાં બધી જ વિગતનો ઉલ્લેખ છે જેનો તથા અન્ય શરતોનો સ્પોન્સરરે અભ્યાસ કરી ટેન્ડર ભરવું)

**સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં** સમાવિષ્ટ વિવિધ **રોડ પાસે આવેલ કેનાલ જંકશન પર ટ્રાફીક આઈલેન્ડ ને પી.પી.પી. ધોરણે ડેવલપ કરી (બિલ્ટ, ઓપરેટ એન્ડ મેઈન્ટેન) કરી, જાહેર ખબર (એડર્વટાઈઝીંગ) કરવાના કામે વાર્ષિક ધોરણે પ્રિમીયમ ભરવા** માંગીએ છીએ. આ અંગે ઓફરમાં જણાવેલ તમામ શરતો મે/અમે વાંચી છે. તેમજ મહાનગરપાલિકાના **સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)વિસ્તારમાં આવેલ સર્કલ/ ટ્રાફિક આઈલેન્ડને સ્પોન્સરશીપથી ડેવલોપ કરવા માટે નિભાવણી/જાળવણી તેમજ સુશોભનને લગતી સેવાઓ મુકરરદરે પુરી પાડવા માટેનું કામ.** બાબતનાં નિતિ–નિયમો થી અમે સારી રીતે વાકેફ છીએ. જે કબુલ/મંજુર હોવા બાબત આ સાથે અલગ થી બાંહધે રી પત્રક / કબુલાતનામું લખી આપેલ છે.

(અ) રોડ જંકશન આઈલેન્ડ/ચેનેલાઈઝર/ડીવાઈડર માટે બાનાની રકમ રૂા.૧૦,૦૦૦/– તથા ઓફર ફી રૂા.૩૩૬/–
(બ) રોડ જંકશન આઈલેન્ડ માટે ડીમાન્ડ ડ્રાફ્ટ / પે ઓર્ડરની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | રોડ જંકશન, આઈલેન્ડ/ચેનેલાઈઝર/ડીવાઈડરનું નામ | ડીમાન્ડ ડ્રાફટ | ડીમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડર નં. | ડીમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડર તા. | બેંકનું નામ અને શાખા |
|---|---|---|---|---|---|
| ૧ | સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં આવેલ વિવિધ લોકેશનોની સામેલ સુચી માંથી સ્પોન્સરશીપ મેળવવા માટેની લોકેશન દર્શાવવી. | ઈ.એમ.ડી ૧૦,૦૦૦/– | | | |
| | | ટેન્ડર ફી રૂા.૩૩૬/– | | | |

સબમીશન ઓફ ડીઝાઈન – અરજદારે જે તે રોડ ઈન્ટરસેકશન/જંકશનની જીયોમેટ્રીક ડીઝાઈન ટ્રાન્સપોર્ટેશન/અર્બન પ્લાનીગં ના તજજ્ઞ પાસે તૈયાર કરાવી તે મુજબ માન્ય લાયસન્સ આર્કીટેકટ/એન્જીનીયર મારફત ડીઝાઈન મંજુર કરાવી કી–પ્લાન/એલીવેશન/ સેકશનલ પ્લાન તથા ડીઝાઈનના આગામી ૧૦ વર્ષની ટ્રાફિક પેટર્ન ઘ્યાને લઈ ઘમ નકશા ૨ થી ૩ અલગ અલગ વિકલ્પમાં માન્ય આર્કીટેકટ/એન્જીનીયર ના સહી સિકકા થયેલ ડ્રોઈગ સાથે અરજી સબમીટ કરવાની રહેશે.

સાઉથ ઈસ્ટ ઝોન(લિબં ાયત) માં ડ્રાફટ ટી.પી.સ્કીમ નં. ૬૧ (પરવટ–ગોડાદરા) મા ં આવેલ શાંતનુ રેસીડેન્સી પાસે સર્કલને ડેવલપ કરી મંજુર થયેલ અધતન પોલીસી મુજબ સ્પોન્સરશીપથી આપવાના કામે વાર્ષિક ધોરણે પ્રિમીયમ ભરવા માંગીએ છીએ. જેની ઓફર અંગેની વિગત નીચે મુજબ છે.

| જંકશનનો અ.નં. | રોડ જંકશન આઈલેન્ડ/ચેનેલાઈઝર/ડીવાઈડરનું નામ | વાર્ષિક ધોરણે પ્રિમીયમ ની ઓફર (રૂપિયા) | અંકે રૂપિયા (શબ્દોમાં) |
|---|---|---|---|
| ૧ | સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં આવેલ વિવિધ લોકેશનોની સામેલ સુચી માંથી સ્પોન્સરશીપ મેળવવા માટેની લોકેશન દર્શાવવી. | | |

**અ.નં.** **સંસ્થાનું નામ** **સરનામું**

૧–

૨–

૩–

ઓફરર ની સહી તથા સિકકો
નામ :–
સરનામું :–
તા. / /૨૦૨૨, સુરત.

કાર્યપાલક ઈજનેર
સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)
સુરત મહાનગરપાલિકા

નોંધ : –

(૧) અરજીપત્રક –ઓફર લેટર સીલબંધ કવરમાંજ પહોંચાડવાનું રહેશે.
(૨) ઓફર મોકલવાનું સરનામું કવર પેઈજ પર જણાવેલ છે.
(૩) સીલબંધ કવરની ઉપર આઈલેન્ડ/ડિવાઈડર/ચેનલાઈઝનં નામ અવશ્ય લખવાનું રહેશે.
(૪) ઓફર મોકલનારની સંપુર્ણ વિગત નામ,સરનામું,મોબાઈલ નંબર વિગેરે સહીત કવર ઉપર જણાવવાની રહેશે.
(૫) (અ) ઈએમેડી/બાનાની રકમ રૂા ૧૦,૦૦૦ નો ડિમાન્ડ ડ્રાફટ (કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકા નામનો) તથા

(બ) ઓફર ફી રૂા ૩૦૦ + ૩૬(૧૨% GST) કુલ રૂા ૩૩૬ નો ડીમાન્ડ ડ્રાફટ (કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકા નામનો) પણ જોડવાનો રહેશે.

# સુરત મહાનગરપાલિકા
# સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)

**કામનું નામ :– સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)વિસ્તારમાં આવેલ સર્કલ/ ટ્રાફિક આઈલેન્ડને સ્પોન્સરશીપથી ડેવલોપ કરવા માટે નિભાવણી/જાળવણી તેમજ સુશોભનને લગતી સેવાઓ મુકરરદરે પુરી પાડવા માટેનું કામ અંગેની શરતો**

| | |
|---|---|
| સ્થા.સ.ઠ.નં.૧૩૫૧/૨૦૨૧, તા.૦૯/૧૨/૨૦૨૧ તથા સામાન્ય સભા ઠરાવ નં. ૪૨૪/૨૦૨૧, ૨૭/૧૨/૨૦૨૧ ની શરતો નીચે મુજબ છે. | |
| (૧) | નીચે જણાવેલ કોઈપણ બાબતે ક્ષતિ જણાય તો ફાળવેલ ટ્રાફિક આઈલેન્ડ/ચેનેલાઈઝર/રોડ ડીવાઈડરનો કબજો મહાનગરપાલિકા કોઈપણ સમયે હસ્તગત કરી શકશે અને તેના ઉપરનું બાંધકામ દુર કરવાનો સુરત મહાનગરપાલિકાનો હકક અબાધિત રહેશે. |
| (૨) | અરજદારની લાયકાત – અરજદાર સંસ્થા સુરત મહાનગરપાલિકાના ગુમાસ્તા ધારા ખાતા/વ્યવસાય વેરા ખાતામાં રજીસ્ટર્ડ થયેલ હોવી જોઈએ અથવા નોંધાયેલ ટ્રસ્ટ હોવું જરૂરી છે. શહરે ની નામાકિત રજીસ્ટર્ડ સંસ્થા પણ અરજી કરી શકશે. |
| (૩) | અરજદારને સર્કલની ફાળવણી કરવાની પધ્ધતિ – વર્તમાન પત્રોમાં અને/અથવા સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર જાહેરાત પ્રસિધ્ધ કરી નિયત અરજી પત્રકમાં ઓછામાં ઓછા ૭ (સાત) દિવસ અને વધુમાં વધુ ૧૪ (ચૌદ) દિવસની છૂટ આપી સીલબંધ કવરમાં તેઓની વાર્ષિક લાયસન્સ ફી ની ઓફર જે–તે ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીએ મંગાવવાની રહેશે. નિયત અરજી પત્રક સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે. |
| (૪) | અરજી સાથે બાનાની રકમની વિગત – અરજી સાથે સુરત મહાનગરપાલિકાના મ્યુ.કમિશનરશ્રીના નામનો રૂા.૧૦,૦૦૦/– નો સુરત શહેરની રાષ્ટ્રીયકૃત બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ બિડાણ કરવાનો રહેશે. |
| (૫) | ટ્રાફિક આઈલેન્ડ/ચેનલાઈઝર/રોડ ડીવાઈડરનું સુશોભન/નિભાવણી કરવાની ખર્ચ સહિતની તમામ જવાબદારી અરજદારશ્રીની રહેશે. |
| (૬) | અરજદારને ફાળવવામાં આવેલ ટ્રાફિક આઈલેન્ડ/રોડ ડિવાઈડરનું સુશોભન અરજદાર પોતાના ખર્ચે કરશે. ત્યારબાદ તેની નિયમિત નિભાવણીની તમામ પ્રકારની જવાબદારી જેવી કે યુટીલીટી બીલ, સીવીલ વર્ક, મેઈન્ટેનન્સ (ગ્રીલ, કર્બ વિ.), ગાર્ડનીંગ , વાર્ષિક કલરકામ, સાફ સફાઈ, પાણી છાંટવું વિગેરે અરજદારની રહેશે. |
| (૭) | સ્પોન્સરશીપનો સમયગાળો – હયાત ટ્રાફિક આઈલેન્ડ/ચેનેલાઈઝર/રોડ ડીવાઈડરના નિભાવણીના હકકો ૨ (બે) થી ૫ (પાંચ) વર્ષની મુદત માટે જયારે અરજદાર તરફથી નવા બનાવવામાં આવનાર ટ્રાફિક આઈલેન્ડ/ચેનલાઈઝર/રોડ ડીવાઈડરના હકકો ૫ (પાંચ) થી ૧૦ (દસ) વર્ષની મુદત માટે આપવાના રહેશે. |
| (૮) | સબમીશન ઓફ ડીઝાઈન – અરજદારે જે તે રોડ ઈન્ટરસેકશન/જંકશનની જીયોમેટ્રીક ડીઝાઈન ટ્રાન્સપોર્ટેશન/અર્બન પ્લાનીંગ ના તજજ્ઞ પાસે તૈયાર કરાવી તે મુજબ માન્ય લાયસન્સ આર્કીટેકટ/એન્જીનીયર મારફત ડીઝાઈન મંજુર કરાવી કી–પ્લાન/એલીવશેન/ સેકશનલ પ્લાન તથા ડીઝાઈનના આગામી ૧૦ વર્ષની ટ્રાફિક પેર્ટન ધ્યાને લઈ ઘમ નકશા ૨ થી ૩ અલગ અલગ વિકલ્પમાં માન્ય આર્કીટેકટ/એન્જીનીયર ના સહી સિકકા થયેલ ડ્રોઈંગ સાથે અરજી સબમીટ કરવાની રહેશે. |
| (૯) | સુરત મહાનગરપાલિકાએ મંજુર કરેલ બાંધકામની ડીઝાઈન સિવાય અન્ય કોઈપણ ડીઝાઈનનો ઉપયોગ સુશોભન માટે કરવાનો રહશે નહીં. મંજુર કરવામાં આવેલ ડીઝાઈનમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાની જરૂરીયાત જણાય તો તે માટે મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી લેવાની રહશે . |
| (૧૦) | કમિટિની રચના – એક જ જગ્યા/લોકેશન માટે એક કરતા વધારે અરજીઓ/ઓફરો મળ્યેથી અરજીઓના સીલેકશન માટે મેયરશ્રી, અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ, મ્યુ.કમિશનરશ્રી, સીટી ઈજનેરશ્રી, સંબંધિત ઝોનના વિભાગીય વડા તથા ટ્રાફિક સેલના વિભાગીય વડાથી બનેલ "ટ્રાફિક આઈલેન્ડ કમિટિ" સમક્ષ અરજદારે પ્રેઝન્ટેશન રજુ કરવાનું રહેશે. જે અરજદારની ડીઝાઈન ફાઈનલ થશે તેવા અરજદારોની જ સીલબંધ ઓફર ખોલવામાં આવશે. સ્થાનિક પરિસ્થિતિ, ટ્રાફીક ભારણ, આર્કિટેકચરલ ડિઝાઈન, હોર્ટીકલ્ચર ડિઝાઈન, ડિઝાઈન/હાઈટ વિગેરે જેવા મુદ્દાઓ બાબતે આંશિક ફેરફાર હોય તો તેનુ વિશ્લેષણ કરીને ડિઝાઈન એપ્રુવલ વખતે "ટ્રાફીક આઈલેન્ડ કમિટિ" આંશિક ફેરફરોને ગ્રાહય રાખવા નિર્ણય કરવા અધિકૃત રહેશે. પ્રેઝન્ટેશન મુજબ કામ સોંપણી/મંજુર કરવા માટે મ્યુ.કમિશનરશ્રી અને અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ અધિકૃત રહેશે. |
| (૧૧) | સર્કલ/આઈલેન્ડમાં એરીયાનું વિભાજન – ફુવારા માટે કુલ એરીયાના ૫૦% વિસ્તારમાં હોર્ટીકલ્ચર અને |

| | |
|---|---|
| | ૫૦% વિસ્તારમાં સીવીલ વર્ક તેમજ અન્ય માટે કુલ એરીયાના ૭૫% વિસ્તારમાં હોર્ટીકલ્ચર અને ૨૫% વિસ્તારમાં સીવીલ વર્ક કરવાનું રહેશે. |
| (૧૨) | સર્કલ/આઈલેન્ડ/ચેનલાઈઝરના મુખ્ય કોમ્પોનન્ટ – (૧) ગ્રીલની ઉંચાઈ રોડ લેવલથી વધુમાં વધુ ૧.૨૫ મી. રાખવાની રહેશે. (૨) આઈલેન્ડનું ડેવલપમેન્ટ રોડ લેવલથી વધુમાં વધુ ૧.૭૫ મી. કરી શકાશે. (૩) ગ્રીલનો કલર – બ્લેક/વાઈટ/ગ્રીન રાખવાનો રહેશે. (૪) પડદી/કર્બનો કલર–બ્લેક/વ્હાઈટ રાખવાનો રહેશે. (૫) લખાણ– વ્હાઈટ/ગ્રીન કલરમાં કરવાનું રહેશે. |
| (૧૩) | સીક્યુરીટી ડીપોઝીટ – સર્કલ/આઈલેન્ડ/ચેનેલાઈઝર – દર ૨૫ ચો.મી. વિસ્તાર માટે રૂા.૨૫,૦૦૦/–, ૫૦ ચો.મી. વિસ્તાર માટે રૂા.૫૦,૦૦૦/– અને ૫૦ ચો.મી. થી વધુ વિસ્તાર માટે રૂા.૧,૦૦,૦૦૦/– સીક્યુરીટી ડીપોઝીટ લેવાની રહેશે. રોડ ડીવાઈડર – દર ૧૦૦ ર.મી. લંબાઈ માટે રૂા.૫,૦૦૦/– અને ૨૦૦ ર.મી. લંબાઈ માટે રૂા.૧૦,૦૦૦/– અને ૫૦૦ ર.મી. લંબાઈ માટે રૂા.૨૫,૦૦૦/– સીક્યુરીટી ડીપોઝીટ લેવાની રહેશે. |
| (૧૪) | અરજદાર પોતાની કંપનીના સીમ્બોલ/લોગો સિવાય અન્ય કોઈપણ સીમ્બોલ કે જાહેરાત લગાવી શકશે નહીં તેમજ જાહેરાત માટે સુચવેલ જગ્યાએ મહાનગરપાલિકાની સુચના મુજબ જ લોગો/સીમ્બોલ રાખવાના રહેશે. |
| (૧૫) | કોન્ટ્રાકટ ટર્મીનેશન – ટ્રાફિક આઈલેન્ડ/ચેનેલાઈઝર/રોડ ડીવાઈડરવાળી જગ્યાની સંપુર્ણ માલિકી સુરત મહાનગરપાલિકાની રહેશે. કોઈપણ કારણસર મહાનગરપાલિકાને આ બાંધકામવાળી/સુશોભનવાળી જગ્યાની જરૂરીયાત જણાય તે સમયે કોઈપણ જાતના કારણ કે નોટીસ આપ્યા વગર તેમજ આ બાંધકામ/સુશોભન/નિભાવણી બાબતે કોઈપણ પ્રકારનું વળતર આપ્યા વગર તે દુર કરી શકશે અને તેમાં અરજદારના કોઈ વંશ, વાલી, વારસો, તેના નોમીની/એસાઈનીની તકરાર ચાલી શકશે નહીં. વધુમાં સદર ટ્રાફિક આઈલેન્ડ/ચેનલાઈઝર/ રોડ ડીવાઈડરમાં ટ્રાફિકને અનુલક્ષીને કોઈપણ ફેરફાર, સુધારો વધારો કરવાની જરૂરીયાત જણાય તો તે અરજદારે પોતાના ખર્ચે કરી આપવાની રહેશે. ઈજારદાર જો સ્વેચ્છાએ કોન્ટ્રાકટ છોડવા માંગતા હોય તો ૬ (છ) માસ અગાઉથી સુરત મહાનગરપાલિકાને એડવાન્સ નોટીસ/પત્ર લખી જાણ કરવાની રહેશે. |
| (૧૬) | જાહેરાતના હકકો – ટ્રાફિક સર્કલ/ચેનેલાઈઝર/રોડ ડીવાઈડરના કુલ ગ્રીલ એરીયાના ૫% વિસ્તારમાં જે તે સંસ્થા ફકત પોતાની જાહેરાત/લોગો સુંદરતા જળવાઈ રહે તે રીતે લગાવી શકશે તેમજ અન્ય ૫% વિસ્તારમાં પર્યાવરણને લગતા સુવાકયો/દ્રશ્યો લગાડવાના રહશે . |
| (૧૭) | લગાડવામાં આવેલ તમામ લોગો/સીમ્બોલ કે લખાણ પેટે મહાનગરપાલિકા અરજદાર પાસેથી કોઈપણ પ્રકારનો હોર્ડીગ ચાર્જ કે જાહેરાતના ટેક્ષ લેશે નહીં. |
| (૧૮) | ડીઝાઈનમાં ફેરબદલ કરવા બાબત – મંજુર થયેલ મૂળ ડીઝાઈનમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરી શકાશે નહીં. ડીઝાઈનમાં ફેરબદલ કરવા માટે જરૂરી વિગતો તેમજ ડીઝાઈન રજુ કરી "ટ્રાફિક આઈલેન્ડ કમિટી" સમક્ષ રજુ કરી રીવાઈઝડ મંજુરી મેળવવાની રહશે . |
| (૧૯) | સ્પોન્સરથી સોંપવામાં આવેલ સર્કલ/આઈલેન્ડ/ચેનેલ ાઈઝર/રોડ ડીવાઈડરની કામગીરીનું મુલ્યાંકન – જે તે સંસ્થાને સોંપવામાં આવેલ સર્કલ/આઈલેન્ડ/ચેનલાઈઝર/રોડ ડીવાઈડર વિગેરેનું વિકાસ અને નિભાવ કામનું મુલ્યાંકન દર ૩ (ત્રણ) માસે ઝોનવાઈઝ જે તે ડીપાર્ટમેન્ટના વિભાગીય વડા, ગાર્ડન /ટ્રાફીક ખાતાના વડા તેમજ ઝોનલ ઓફિસરશ્રીએ કરવાનું રહેશે. |
| (૨૦) | પાણી અને લાઈટની સુવિધા – પાણી અને લાઈટની સુવિધા ઈજારદારે પોતાના ખર્ચે કરવાની રહેશે. પાણીના કનેકશન અને લાઈટના કનેકશન મેળવવા માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા જરૂરી એન.ઓ.સી. આપવામાં આવશે. |
| (૨૧) | હાલમાં સ્પોન્સરશીપથી આપવામાં આવેલ સર્કલ/આઈલેન્ડ/ચેનેલાઈઝર/રોડ ડીવાઈડરનું નવી પોલીસી મુજબ રૂપાંતરણ – હાલમાં સ્પોન્સરશીપ હેઠળથી ફાળવવામાં આવેલ સર્કલોની સમયમર્યાદા પૂર્ણ થયા બાદ જે તે સર્કલ નવી પોલીસી મુજબ ફાળવવાનું રહશે . |
| (૨૨) | પ્રસગંો/તહેવારો દરમ્યાન રોશની/લાઈટીંગ/કલરકામ કરવા બાબત – લાઈટીંગ તથા કલરકામ વર્ષમાં ઓછામાં ઓછું ૧ વખત કરવાનું રહેશે. |
| (૨૩) | સ્પોન્સરશીપથી સોંપવામાં આવેલ સર્કલ/આઈલેન્ડ/ચેનેલાઈઝર/રોડ ડીવાઈડરના વિકાસ અને નિભાવ માટે થનાર ખર્ચનો સ્કોપ તમામ પ્રકારના ખર્ચાઓ જે તે એજન્સી/સંસ્થાઓએ કરવાના રહેશે. ઉપરાંત ઉપયોગમાં લેવામાં આવનાર વિવિધ સાધનો/ઉપકરણોને કોઈપણ નુકસાન થાય અથવા ચોરાય જાય તે માટે સુરત મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહીં. |
| (૨૪) | સ્પોન્સરશીપથી ફાળવણી કરવા માટેના અરજી પત્રક મંજુર કરવા તેમજ જરૂરીયાત મુજબ અરજી પત્રકની શરતોમાં ફેરફાર કરવા મ્યુ.કમિશનરશ્રી અને અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિને અધિકૃત કરવા. |
| (૨૫) | સુરત મહાનગરપાલિકાના જે સર્કલ/આઈલેન્ડ/ચેનેલાઈઝર/રોડ ડીવાઈડર વિગેરે લોકભાગીદારી/ સ્પોન્સરશીપ/એડોપ્શન/ કોર્પોરેટ સોશ્યલ રીસ્પોન્સીબ્લીટી (સીએસઆર) થી સોંપાયેલ ન હોય એટલે કે જેની જાળવણી/નિભાવ સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવતું હોય તેવા સર્કલ/આઈલેન્ડ/ચેનલાઈઝર/રોડ ડીવાઈડર અર્ગેની ડીઝાઈન તેમજ અન્ય શરતો સંદર્ભે મ્યુ.કમિશનરશ્રી અને અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિને અધિકૃત કરવા. |
| (૨૬) | કોઈપણ સર્કલ/આઈલેન્ડ/ચેનેલાઈઝર/રોડ ડીવાઈડરની ડીઝાઈન ભારતની અખંડીતતા, સાર્વભૌમત્વતા |

| | |
|---|---|
| | જળવાઈ રહે તે મુજબની રહશે. ઈજારદાર ધ્વારા કાયદા અન્વયે પ્રતિબંધિત, અયોગ્ય, અશ્લીલ તેમજ જાહેર સુરૂચીને ભંગ કરે તેવી કોઈપણ જાહેરાત, પ્રદર્શિત કરી શકશે નહિ અને જો તેમ થયેલ જણાશે તો તેવી જાહેરાતના બોર્ડ/લખાણ/લોગો/સીમ્બોલ મહાનગરપાલિકા સંસ્થા/એજન્સીના ખર્ચે અને જોખમે વગર નોટીસે દુર કરી નાંખશે અને તેમ કરવાનો જે ખર્ચ થશે તે સંસ્થા/એજન્સી પાસેથી વસુલ કરવામાં આવશે. |
| (૨૭) | તમાકુ કે તેની કોઈપણ બનાવટ અથવા અન્ય કાયદા અન્વયે પ્રતિબંધિત બાબત જાહેરાત કરી શકશે નહિ. |
| (૨૮) | લોગો/લખાણને લીધે કોઈપણ વ્યકિત અગર સંસ્થાને કોઈપણ પ્રકારનું નુકસાન થશે તેની જવાબદારી સંસ્થા/એજન્સીની રહેશે. |
| (૨૯) | સરકાર ધ્વારા ચૂંટણીની જાહેરાત થયેથી તેની આચારસંહિતાનો અમલ થાય તે સમયગાળા દરમ્યાન સંસ્થા/એજન્સી ઉકત ચૂંટણીની આચારસંહિતાનો ભંગ થાય તેવી કોઈપણ જાતના લોગો/લખાણ પ્રસિધ્ધ કરી શકશે નહીં અને જો આ સમયગાળા દરમ્યાન આવી કોઈપણ પ્રકારના લોગો/લખાણ પ્રસિધ્ધ કરવામાં આવ્યાનું જણાશે તો તે અંગેના જે કંઈ પરિણામની સઘળી જવાબદારી ઈજારદારની રહેશે. |
| (૩૦) | વાહન ચાલકોને વાહન ચલાવવામાં તકલીફ ઉભી કરે તેવા પ્રકારના જાહેરાતના બોર્ડ મુકી શકાશે નહીં. આઈલેન્ડમાં દર્શાવવામાં આવેલ લખાણ/લોગો/સીમ્બોલ વિગેરેની સલામતીની તેમજ કોઈ અકસ્માત થાય તો તેની સઘળી જવાબદારી ઈજારદારની રહેશે. |
| (૩૧) | ઈજારદારશ્રી તરફે મંજુર થયેલ લાયસન્સ ફી ની રકમ આઈલેન્ડ માટે વાર્ષિક લાયસન્સ ફી તરીકે મહાનગરપાલિકાની તિજોરીમાં જમા કરાવવાના રહેશે. |
| (૩૨) | ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલોપમેન્ટ એકટ–૧૯૭૬ હેઠળનો મંજુર પુનરાવર્તિત ડેવલેપમેન્ટ પ્લાન મુજબના/જે તે અમલ ડેવલપમેન્ટ કંન્ટ્રોલ રેગ્યુલેશનમાં નિયમો તથા ધી બી.પી.એમ.સી. એકટ–૧૯૪૯ ની કલમ–૨૪૫ ની જોગવાઈનો તથા સુરત મહાનગરપાલિકા ધ્વારા વખતોવખત લાગુ કરવામાં આવે તેવા નિયમો ઈજારદાર/અજે ન્સીને માન્ય અને બંધનકર્તા રહેશે. |
| (૩૩) | શરતોમાં ફેરફારનો અધિકાર – જે તે સમયે શરતોમાં ફેરફાર કરવાનો અબાધિત અધિકાર સુરત મહાનગરપાલિકાને રહેશે. |
| (૩૪) | સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૦૧૯/૧૯૯૭, તા.૩૧–૫–૧૯૯૭ તથા ઠરાવ નં.૮૩૦/૨૦૧૫, તા.૪–૪–૨૦૧૫ થી મંજુર થયેલ શરતો/નિયમો તથા સામાન્ય સભા ધ્વારા થયેલ જુદા જુદા ઠરાવોથી નકકી કરવામાં આવેલ જોગવાઈઓ અંગેના તમામ ઠરાવ આથી રદ કરવા. |

કાર્યપાલક ઈજનેર
સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)
સુરત મહાનગરપાલિકા

ઉપરોકત તમામ શરતો મેં વાંચી છે અને મને કબુલ મંજુર અને બંધનકર્તા છે.

તા.    /    /૨૦૨૩

_______________________

સ્પોન્સરનું નામ, સહી

# –: બાંહેધરી પત્રક / કબુલાતનામું :–

આથી હું / અમે નીચે સહી કરનાર / કરનારા આથી બાંહેધરી આપી કબુલાતનામું લખીઆપું છું / આપીએ છીએ કે, સુરત મહાનગરપાલિકાની **સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માંડીડોલી–ખરવાસા રોડ મધુરમ સર્કલ પાસે આવેલ કેનાલ જંકશન પર ટ્રાફીક આઈલેન્ડને ડેવલપ કરી પીપીપી ધોરણે ડેવલપ કરી (બિલ્ટ, ઓપરેટ એન્ડ મેઈન્ટેન) તેમજ જાહેર ખબર (એડર્વટાઈઝીંગ) કરવાના કામે વાર્ષિક ધોરણે પ્રિમીયમ ભરવા** માટેના ટેન્ડરમાં જણાવેલ શરતો મેં/અમે વાંચી છે અને સમજી છે જે તમામ શરતો હું / અમે નીચે સહી કરનારને કબુલ મંજુર છે અને તે તમામ શરતો મને / અમને અને મારા / અમારા વંશવાલી વારસોને બંધનકર્તા રહેશે તેની આથી બાંહેધરી લખી આપું છું / આપીએ છીએ.

**નામ :–** **સહી :–**

____________________ ____________________
____________________ ____________________
____________________ ____________________
____________________ ____________________
____________________ ____________________

**સરનામું :–**

**નોંધ: બાંહેધરીપત્ર/કબુલાતનામું ગુજરાત રાજયના રૂા ૩૦૦/– નાં સ્ટેમ્પ પેપર પર નોટરાઈજ કરાવીને જોડવું.**

# સ્પોન્સરરને સુચના

(૧) ઓફરમાં દર્શાવેલ સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં ડીડોલી–ખરવાસા રોડ મધુરમ સર્કલ પાસે આવેલ કેનાલ જંકશન પર ટ્રાફીક આઈલેન્ડને ડેવલપ કરી (બિલ્ટ,ઓપરેટ એન્ડ મેઈન્ટેન) તેમજ જાહેર ખબર (એડર્વટાઈઝીંગ) કરવાના કામે વાર્ષિક ધોરણે પ્રિમીયમ ભરવા ઈચ્છા ધરાવનાર વ્યકિત / સંસ્થાઓએ વાર્ષિક પ્રિમીયમની ઓફર સહિત સીલબંધ કવરમાં સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ના કાર્યપાલક ઈજનેરશ્રીને "રજી.. પોસ્ટ એ.ડી." અથવા "સ્પીડ પોસ્ટ/ કુરીયર " થી અથવા હાથોહાથ સીલબંધ કવર (કવર ઉપર રોડ જંકશન આઈલેન્ડ/ચેનેલાઈઝર/ડીવાઈડર ને પીપીપી ધોરણે ડેવલપ કરી (બિલ્ટ, ઓપરેટ એન્ડ મેઈન્ટેન) તેમજ જાહેર ખબર (એડર્વટાઈઝીંગ) કરવાના કામે વાર્ષિક ધોરણે પ્રિમીયમ ભરવા માટેનું ઓફર / ટેન્ડર તેવા સ્પષ્ટ લખાણ સાથે) ટેન્ડરમાં જણાવેલ અંતિમ તારીખના રોજ સાંજે ૫:૦૦ કલાક સુધીમાં પહોંચતા કરવા તે રીતે રવાના કરવાના રહેશે ત્યાર બાદ કોઈ ઓફર/અરજીનુ કવર સ્વીકારવામાં આવશે નહી વધુમાં પોસ્ટ કે કુરીયર દ્વારા મોકલેલ કવર સમયસર ન પહોંચે તેની તમામ જવાબદારી અરજદારની રહેશે.)

(૨) સબમીશન ઓફ ડીઝાઈન –અરજદારે જે તે રોડ ઈન્ટરસેકશન/જંકશનની જીયોમેટ્રીક ડીઝાઈટ્રાન્સપોર્ટેશન/ અર્બન પ્લાનીંગ ના તજજ્ઞ પાસે તૈયાર કરાવી તે મુજબ માન્ય લાયસન્સ આર્કીટેકટ/એન્જીનીયર મારફત ડીઝાઈન મંજુર કરાવી કી–પ્લાન/એલીવેશન/ સેકશનલ પ્લાન તથા ડીઝાઈનના આગામી ૧૦ વર્ષની ટ્રાફિક પેટર્ન ધ્યાને લઈ ઘમ નકશા ૨ થી ૩ અલગ અલગ વિકલ્પમાં માન્ય આર્કીટેકટ/એન્જીનીયર ના સહી સિકકા થયેલ ડ્રોઈંગ સાથે અરજી સબમીટ કરવાની રહેશે.

(૩) દરેક આઈલેન્ડ દીઠ અલગ ઓફર / ટેન્ડર ફોર્મ સંસ્થાએ આ સાથેના ફોર્મેટ મુજબ ભરવાનું રહેશે.

(૪) મુદ્દત વિત્યા બાદ તેમજ અન્ય કોઈ રીતે મોકલેલ ઓફર / ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

(૫) અધુરી વિગતોવાળા અને બાનાની રકમના કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના નામનો ડીમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડર રૂા.૧૦,૦૦૦.૦૦ (અંકે રૂપિયા દસ હજાર પુરા) અને ઓફર ફી રૂા.૩૩૬ (ત્રણસો છત્રીસ પુરા) નો ડીમાન્ડ ડ્રાફટ સિવાયના ટેન્ડરો રદ થવાને પાત્ર ગણવામાં આવશે.

(૬) કોઈપણ શરતી ઓફરો / ટેન્ડરો ધ્યાને લેવામાં આવશે નહી.

(૭) કોઈપણ ઓફર / ટેન્ડરોનો સ્વીકાર કરવો કે કેમ ? તે અંગેનો તમામ નિર્ણય લેવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાનો અબાધિત રહેશે.

(૮) ઓફર / ટેન્ડર સાથે સાઉથ ઝોન (ઉધના)–એ વિસ્તારમાં આવેલ રોડ જંકશન આઈલેન્ડ /ચેનેલાઈઝર/ ડીવાઈડરને પીપીપી ધોરણે ડેવલપ કરી (બિલ્ટ,ઓપરેટ એન્ડ મેઈન્ટેન)તેમજ જાહેર ખબર (એડર્વટાઈઝીંગ)કરવાના કામે વાર્ષિક ધોરણે પ્રિમીયમ ભરવા બાબતે સુરત મહાનગરપાલિકા ધ્વારા નિયત કરવામાં આવેલ શરતો વાંચી અને તે કબુલ મંજુર હોવા બાબતનું કબુલાતનામું સહી કરી જોડવું ફરજીયાત છે.

(૯) ઓફર / ટેન્ડર માટે લેટરમાં સ્પષ્ટ શબ્દોમાં લખવું જરૂરી છે. તેમજ સાઉથ ઝોન (ઉધના)–એ વિસ્તારમાં આવેલ રોડ જંકશન આઈલેન્ડ/ચેનેલાઈઝર/ડીવાઈડરના લોકેશન સહિતનો નકશો આ સાથે માર્ગદર્શન/જાણકારી માટે સામેલ કરેલ છે.

(૧૦) સ્થાયી સમિતિ ઠરાવનં.૧૩૫૧/૨૦૨૧ તા. ૦૯/૧૨/૨૦૨૧ ની શરતોમાં લાયસન્સ ફી નો ઉલ્લેખ છે જેનો અર્થ વાર્ષિક પ્રિમીયમ તરીકે ગણવું.

(૧૧) ડોકયુમેન્ટ ફી તથા બાનાની રકમનો ડીમાન્ડ ડ્રાફટ/પે ઓર્ડર/બેન્કર્સ ચેક સુરત ખાતે વટાવી શકાય તે મુજબનો સ્થાનિક રાષ્ટ્રીય / શીડયુલ બેંકનો મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરત નામનો હોવો જોઈએ. ડોકયુમન્ટ ફી તેમજ નિયત બાનાની રકમ (ઈ.એમ.ડી.) વગરનું કવર સ્વીકાર્ય ગણાશે નહી અને રદ થવાને પાત્ર રહેશે.

(૧૨) સ્પોન્સરશીપ મુદત પુરી થયા બાદ તે સ્પોન્સરશીપ વધુ સમય માટે રીન્યુ કરી આપવામાં આવેલ નહી હશે તો સ્પોન્સરરે સ્થળે રાખેલ જાહેરાતના બોર્ડ /લોગો તાત્કાલિક ખસેડી લેવાના રહેશે. અન્યથા સુરત મહાનગરપાલિકા આવી તમામ સાધન સામગ્રી સ્પોન્સરરના ખર્ચે અને જોખમે સ્થળ પરથી દુર કરશે.

(૧૩) સ્પોન્સરશીપ ની શરતો અગેં કોઈ પણ પ્રકારના મતભેદ ઉભા થાય તો, ત્યારે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૧૪) ટેન્ડર / વર્કઓર્ડર / અલોટમેન્ટલેટર / એગ્રીમેન્ટની શરતો પૈકી કોઈપણ શરતનો પરવાનેદાર / સ્પોન્સરર ધ્વારા ભંગ કરવામાં આવશે / પાલન કરવામાં કસુર કરશે તો મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને સ્પોન્સરરેની સુરત મહાનગરપાલિકાના ખાતે જમા તમામ પ્રકારની ડિપોઝીટની પુરેપુરી રકમ જપ્ત કરવાનો અધિકાર રહેશે તેમજ તે બાબતે નોટીસ વ્યવહાર પછી અથવા કોઈપણ પ્રકારની નોટીસ વિના સ્પોન્સરરેનો સ્પોન્સરશીપ તત્કાલ રદ કરવાનો મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકાર રહશે. કરારના ભંગ ના પરિણામે સુરત મહાનગરપાલિકાને જે કંઈ નુકશાન થશે તે માટે સ્પોન્સરરે ભરપાઈ કરવા જવાબદાર રહેશે. સ્પોન્સરરે શરતોનો ભંગ કર્યો છે કે કેમ અને ડીપોઝીટની રકમ જપ્ત કરવી કે નહી તેમજ પેનલ્ટી કરવા બાબતે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીનો નિર્ણય છેવટનો ગણાશે અને સ્પોન્સરરને તે બંધનકર્તા રહેશે તથા તે અંગે સ્પોન્સરરને કોઈપણ પ્રકારના વળતર મેળવવાનો હકક / અધિકાર રહેશે નહી.

(૧૫) સુરત મહાનગરપાલિકા તરફથી આ શરતો ઉપરાંત વખતોવખત સુચવે તેવી નવી સુચના સ્પોન્સરરને બંધનકર્તા રહેશે.

(૧૬) સ્પોન્સરરનું ઓફર મંજુર થયેથી ઓફર મુજબ ૧ (એક) વાર્ષિક લાયસન્સ/પ્રિમીયમ ફીની એડવાન્સ રકમ તથા ઉકત જણાવવામાં આવેલ સ્થા.સ.ઠ.નં.૧૩૫૧/૨૦૨૧, તા.૦૯/૧૨/૨૦૨૧ તથા સામાન્ય સભા ઠરાવ નં. ૪૨૪/૨૦૨૧, ૨૭/૧૨/૨૦૨૧ના મુદ્દા નં.૧૩માં જણાવવામાં આવેલ શરત મુજબ થતી સીકયોરીટી ડિપોઝીટની રકમ કામ શરૂ કરવાનો લેટર મળ્યેથી તાકીદે રોકડેથી / બેંકર્સ ચેક / ડીમાન્ડ ડ્રાફટ થી સુરત મહાનગરપાલિકામાં દિન–૧૫ માં ભરવાની રહેશે. નિયત મુદતમાં રકમ જમા કરાવવામાં કસુર થયેથી બાનાની / સીકયુરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે તથા સ્પોન્સરશીપ આપોઆપ રદ થયેલ ગણાશે. પ્રથમ વાર્ષિક ફીની એડવાન્સ રકમ કામ શરૂ કરવાનાં લેટરની તારીખથી દિન–૧૫ માં તાકીદે જમા કરાવવાની રહેશે. ત્યારબાદ મોડા દિવસો ઉપર વાર્ષિક ૧૮% સાદા વ્યાજ સહિતની વિલંબ પેનલ્ટી વસલુ વામાં આવશે.

(૧૭) સ્પોન્સરશીપ એક વર્ષ કરતાં વધુ સમય માટે ફાળવેલ હોય તેવા સંજોગોમાં વાર્ષિક સ્પોન્સરશીપ પૂર્ણ થવાના એક માસ અગાઉ થી આગામી વર્ષ માટેની વાર્ષિક લાયસન્સ ફી મુજબના તથા પ્રવર્તમાન નીતિ નિયમ મુજબના ટી.સી.એસ. (TCS) / જી.એસ.ટી.(GST) સહિતનો ચેક એડવાન્સમાં અત્રની ઝોન કચેરીમાં જમા કરાવવાના રહેશે.

(૧૮) સ્પોન્સરરનું ટેન્ડર મંજુર થયા મુજબની જાણ સ્પોન્સરરને કર્યેથી જરૂરી સીકયુરીટી ડીપોઝીટ તેમજ લાયસન્સ/પ્રિમીયમની રકમ ભરી જરૂરી કરાર કરી, સ્થળ ઉપર સ્પોન્સરશીપ મુજબની કામગીરી શરૂ કરી લેવાની રહેશે. સદરહુ સ્પોન્સરશીપની મુદત સ્પોન્સરરને સ્થળ પર કામ શરૂ કરવા માટે આપવામાં આવનાર વર્કઓર્ડર/એલોટમેન્ટ લેટર/પરવાનગી પત્રમાં જણાવેલ તારીખથી ગણવાની રહેશે.

(૧૯) સ્પોન્સરરે ઓફર આપતા પહેલા આઈલેન્ડ/ચેનેલાઈઝર/ડીવાઈડરની જગ્યા તથા તેની હદ વિસ્તાર પુરેપુરો જોયો હોવાનું માની લેવામાં આવશે. પાછળથી આ બાબતે કોઈ તકરાર ચાલશે નહી.

(૨૦) ટેન્ડર મંજુર થયેથી સ્પોન્સરરે ઓફર મુજબ થતી લાઈસન્સ ફી રકમ તથા ઉકત જણાવવામાં આવેલ સ્થા.સ.ઠ.નં.૧૩૫૧/૨૦૨૧, તા.૦૯/૧૨/૨૦૨૧ તથા સામાન્ય સભા ઠરાવ નં.૪૨૪/૨૦૨૧, ૨૭/૧૨/૨૦૨૧ના મુદ્દા નં.૧૩માં જણાવવામાં આવલે શરત મુજબ થતી સીકયોરીટી ડિપોઝીટની રકમ દિ–૧૫ માં ભરપાઈ કરવાની રહેશે.

(૨૧) સફળ સ્પોન્સરરે સુરત મહાનગરપાલિકા સાથે અમલીકરણ બાબતે પ્રવર્તમાન નિયમ મુજબના જરૂરી એગ્રીમેન્ટ પ્રવર્તમાન નિયમ મુજબના સ્ટેમ્પ પેપર પર સ્વખર્ચે કરવાનો રહેશે.

(૨૨) સફળ સ્પોન્સરરે નિયમ મુજબ જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર નિયમ અનુસારના ફોર્મેટ બાબતનું લખાણ સ્વખર્ચે કરી આપવાનું રહેશે.

(૨૩) સ્પોન્સરશીપ મંજુર થતાં સ્પોન્સરરે તેમના રહેઠાણ તથા ધંધાના સ્થળનું પુરેપરું ટપાલનું સરનામું, ફોન નંબર, ફેક્ષ નંબર, ઈ–મેઈલ એડ્રેસ વિગરે વિગતો પુરી પાડવાની રહશે તથા ભવિષ્યમાં તેમાં કોઈ ફેરફાર થાય તો તેની જાણ તાત્કાલિક સુરત મહાનગરપાલિકાને લેખિતમાં કરવાની રહેશે. સ્પોન્સરરે જણાવેલ સરનામા ઉપર સુરત મહાનગરપાલિકા ધ્વારા જે કાંઈ પત્ર વ્યવહાર કરવામાં આવે તે સ્પોન્સરરને મળ્યા બરાબર ગણાશે.

(૨૪) ટેન્ડરરે / સ્પોન્સરરે જમા કરાવેલ ચેક બાઉન્સ / પરત થવાના સંજોગોમાં સુરત મહાનગરપાલિકા ટેન્ડરર / સ્પોન્સરર / પરવાનેદાર સામે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયે કાર્યવાહી કરી શકશે તેમજ ચેક બાઉન્સ થવાના સંજોગોમાં ચેક દીઠ રૂ.૫૦૦/– અથવા પ્રતિ લાખની રકમ માટે રૂ.૧૦૦૦/– દંડ પેટે બે માંથી જે વધુ હશે તે વસુલ લેવામાં આવશે.

(૨૫) ઓફરનો વેલીડીટી પીરીયડ ઓનલાઈન મળેલ ઓફર / પ્રાઈસબીડ ખોલ્યાની તારીખ થી ૧૨૦ (એકસો વીસ) દિવસ સુધીનો રહેશે.

(૨૬) ફોર્સ મેજર કલોઝ : કોઈપણ પ્રકારના કુદરતી કે માનવસર્જીત આફત (Disaster) ના કારણે જેવા કે પુર, ધરતીકંપ, વાવાઝોડુ વિગેરે, અગર તો કોઈપણ પ્રકારનાં અકસ્માત /હુમલા / હિંસાખોરી, જેવા કે આગ, ટોળા શાહી પથ્થરમારો, સાંપ્રદાયીક તોફાનો વિગેરેના કારણે કરેલ ડેવલ્પમેન્ટને નુકશાન થાય તો આવા કાબુ બહારના સંજોગોના કારણે નુકશાનીની જવાબદારી સ્પોન્સરરની રહેશે. સુરત મહાનગરપાલિકાની રહેશે નહિ.

(૨૭) આઈલેન્ડ/ચેનેલાઈઝર/ડીવાઈડરની સંભાળ જરૂરીયાત મુજબ વ્યવસ્થા સ્પોન્સરરે પોતાના ખર્ચે કરવાની રહેશે. પાણી તથા વીજળી માટે અત્રેથી જરૂરી દફહ આપવામાં આવશે.

(૨૮) આ કામે કોઈપણ પ્રકારના દાવા પ્રકરણો સુરત શહેર તાબાની નામદાર કોર્ટના હકુમતક્ષેત્રને આધિન રહેશે. (Subject to Surat Jurisdiction)

(૨૯) સ્પોન્સરર પોતાનો સ્પોન્સરશીપ / પરવાનો બીજા પેટા સ્પોન્સરરને તબદીલ કરી શકશે નહી. જો તેમ કરેલ જણાશે તો ભરેલ ડીપોઝીટની રકમ જપ્ત કરવા માટેની તથા ટેન્ડર શરતો મુજબ કાયદેસરની કાર્યવાહી કરી કાળી યાદીમાં મુકવા સુધીની કાર્યવાહી કરી શકાશે.

(૩૦) સ્પોન્સરશીપવાળી જગ્યા સ્પોન્સરરેને લાયસન્સ પધ્ધતિથી ફાળવેલ છે. સ્પોન્સરરને કોઈપણ પ્રકારના માલિકી / ભાડુત તરીકેના અર્થાત ટેનન્સી રાઈટસ પ્રાપ્ત થતાં નથી અને થશે નહીં. સદર જગ્યાની માલિકી તથા કબજો સુરત મહાનગરપાલિકાની છે અને રહેશે.

(૩૧) કેન્દ્ર સરકારનાં કાયદા અનુસાર નિયત કરલે દરે લાયસન્સ ફી ઉપર “ જી.એસ .ટી. ”ભરવાનો રહેશે. સરકારશ્રી ધ્વારા વખતોવખત લાગુ કરેલ કર ભરવાનો રહેશે.

(૩૨) સદર કામમાં જી.એસ.ટી. નાં કાયદા હેઠળ જી.એસ.ટી. લાગુ પડે છે કે નહી? કેટલા ટકા? તેમજ જકદળકબહ કોડ સ્પોન્સરરે પોતાના સી.એ. પાસેથી મેળવી ટેન્ડર સાથે સબમીટ કરવાનું રહેશે. સ્પોન્સરરે જી.એસ.ટી. નંબર / જી.એસ.ટી. રજીસ્ટ્રેશનની નકલ ટેન્ડર સાથે સામેલ કરવાની રહેશે. સરકારશ્રી ધ્વારા વખતો વખત લાગુ કરવા પાત્ર કર ભરવાનો રહેશે.

(૩૩) વધુમાં કોઈ સંજોગોમાં આઈલેન્ડ/ચેનેલાઈઝરની જે તે સમયે સ્થળ સ્થિતિ મુજબ ખાસ સંજોગોમાં જીયોમેટ્રીક ડીઝાઈન મુજબ ફેરફાર કરવો પડે તેવા સંજોગમાં સદર સ્પોન્સરરે સ્થળપર સ્વખર્ચે કામગીરી કરવાની રહેશે.

(૩૪) અરજદાર દ્વારા

(૧) સંસ્થા સુરત મહાનગરપાલિકાના ગુમાસ્તા ધારા ખાતા/વ્યવસાય વેરાનું ખાતામાં રજીસ્ટર્ડ થયેલનું પ્રમાણપત્ર અથવા

(૨) નોંધાયેલ ટ્રસ્ટનું પ્રમાણપત્ર અથવા

(૩) શહેરની નામાંકિત રજીસ્ટર્ડ સંસ્થાનું પ્રમાણપત્ર/પુરાવો પૈકી ગમે તે એક પ્રમાણપત્ર જોડવું .

(૩૫) જી.એસ.ટી નું પ્રમાણપત્ર રજૂ કરવુ.

ટેન્ડર ભરનારની સહી

કાર્યપાલક ઈજનેર
સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં આવેલ આઈલેન્ડ / ચેનેલાઈઝર / ડીવાઈડર

## સા.ઈ.ઝોન (લિંબાયત)

## સુરતમહાનગરપાલિકા

| અ. નં. | ટ્રાફીક આઈલેન્ડ લોકેશન | ટ્રાફિક આઈલેન્ડનું નામ |
|---|---|---|
| ૧ | ટી.પી. ૬૯ ગોડાદરા– ડીડોલીમાં ૩૬.૦૦મી.પહોળાઈના (ડીડોલી– ખરવાસા રોડ) અને ૪૫.૦૦મી. પહોળાઈના આઉટર રીંગરોડના જંકશન | મધુરમ આર્કેડ |
| ૨ | ટી.પી.૬૨ (ડીડોલી–ભેદવાડ– ભેસ્તાન) ફા.પ્લોટ નં.આર–૧૭ (ઓપનસ્પેસ) સંતોષ પાર્ક પાસે ૩૬.૦૦મી. અને ચો.મી.ના રોડ જંકશન | મંગલમ એન્ટરપ્રાઈઝ |
| ૩ | ટી.પી.૩૯ (ઉધના–લિંબાયત)માં લિંબાયત હેલ્થ સેન્ટર થી મહાપ્રભુનગર ડેપો તરફ જતા ૧૫.૦૦મી. અને હેલ્થ સેન્ટર થી મીઠીખાડી તરફ જતા ૨૪.૦૦મી. પહોળાઈના રસ્તા પર આવેલ મારૂતિ નગર જંકશન | મહાવીર મોબાઈલ |
| ૪ | ટી.પી.૪૦ નીલગીરી સર્કલ સંજયનગર થી ઉધના યાર્ડ તરફ જતા ૪૫.૦૦મી. / ૪૦.૦૦મી. પહોળા રસ્તા પરને મીઠીખાડી થી ગોડાદરા ચાઈ સેન્ટર તરફ જતા ૪૦મી પહોળા રસ્તાના જંકશન | મહાવીર મોબાઈલ |
| ૫ | ટી.પી.૬૧ કુબેરનગર હનુમાન મંદિર ચારરસ્તા થી ગોડાદરા પોલીસ ચોકી તરફ જતા ૨૪મીના રસ્તા પર ગોડાદરા પોલીસ ચોકીની સામે આવેલ કુબેરનગર જંકશન | મહાવીર મોબાઈલ |

# સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)

## સુરત મહાનગરપાલિકા

## એસ.એમ.સી. હેઠળનાં ટ્રાફિક આઈલેન્ડની વિગત

| અ.નં. | લોકેશન |
|---|---|
| ૧ | ટી.પી.૬૨(ડીડોલી–ભેસ્તાન–ભેદવાડ) માં ડીડોલી ચાર રસ્તા થી નંદનવન ટાઉનશીપ તરફ જતાં ૪૫.૦૦મી. નો રસ્તો અને ડીડોલી વારીગૃહ તરફ જતાં ૩૬.૦૦મી. રસ્તાનાં જંકશન પર |
| ૨ | ટી.પી.૬૯(ગોડાદરા–ડીડોલી) માં ડીડોલી ગામતળ પાસે શીવાલીક એ.સી.માર્કેટ તરફ જતાં ૨૮.૦૦મી. નાં રસ્તા અને ફલાવર ગાર્ડન તરફ જતાં ૨૮.૦૦મી. રસ્તાના જંકશન પર |
| ૩ | ટી.પી.૬૯(ગોડાદરા–ડીડોલી)માં ડીડોલી સ્વીમીગ પુલ પાસે ૩૦.૦૦મી. અને ૨૪.૦૦મી. રસ્તાના જંકશન પર |
| ૪ | ટી.પી.૬૧(પરવત–ગોડાદરા) માં મીડલ રીંગરોડ થી ગોડાદરા ગામ તરફ જતાં ૨૪.૦૦મી.નાં ટી.પી.રસ્તા અને ૧૫.૦૦મી. નાં રસ્તાનાં જંકશન પર |
| ૫ | ટી.પી.૧૯(પરવત–મગોબ) ૪૫.૦૦મી. મીડલ રીંગરોડ પર મીડાસ સ્કવેર પાસે ૪૫.૦૦ મી. અને ૧૮.૦૦મી.ના જંકશન પર |
| ૬ | ટી.પી.૧૯(પરવત–મગોબ) ૪૫.૦૦મી. મીડલ રીંગરોડ પર કેપીટલ સ્કવેર પાસે ૪૫.૦૦મી. અને ૨૪.૦૦મી. નાં જંકશન પર |
| ૭ | ટી.પી.૬૧ (પરવત–મગોબ) દેવધ રોડ પર ભકિતનગર પાસે ૪૫.૦૦મી. અને પરવત ગામ તરફ જતાં ૨૪.૦૦મી. રસ્તાનાં જંકશન પર |
| ૮ | ટી.પી.૬૧ (પરવત–મગોબ)માં પરવત ગામ પાસે ૨૪.૦૦મી. અને ૧૨.૦૦મી. રસ્તાનાં જંકશન પર |
| ૯ | ટી.પી.૬૧ (પરવત–મગોબ) અને ટી.પી.૩૫(કુંભારીયા–સારોલી–સણીયા –હેમદ–દેવધ) માં ૪૫.૦૦મી. દેવધ રોડ (વીર આહીર ચોક) |
| ૧૦ | ટી.પી.૩૩(ડુંભાલ) ડુંભાલ ફાયર સ્ટેશન અને ઝોન ઓફિસ તરફ જતો ૧૮.૦૦મી. નો રસ્તો અને ૩૬.૦૦મી. નાં રસ્તાનાં જંકશન પર |
| ૧૧ | ટી.પી.૩૩(ડુંભાલ) ૩૬.૦૦મી. નાં રસ્તો અને ૧૨.૦૦મી. નાં રસ્તાનાં જંકશન પર હયાત સરદાર પટેલ સર્કલ |
| ૧૨ | ટી.પી.૬૨(ડીડોલી–ભેસ્તાન–ભેદવાડ) એમ્પોરીયા હબ પાસે ૩૬.૦૦મી. અને ૨૪.૦૦મી. નાં જંકશન પર |
| ૧૩ | ટી.પી.૬૨(ડીડોલી–ભેસ્તાન–ભેદવાડ) એમ્પોરીયા હબ નક્ષત્ર રેસીડન્સી તરફ જતાં ૨૪.૦૦મીનાં રસ્તા અને નક્ષત્ર રેસીડન્સી થી સીલીકોન પામ તરફ જતાં ૨૪.૦૦મી.નાં રસ્તાનાં જંકશન પર |
| ૧૪ | ટી.પી.૩૩(ડુંભાલ) ૬૦.૦૦મી. કેનાલ રોડ અને ડુંભાલ ફાયર સ્ટેશન તરફ જતાં ૩૬.૦૦મી. પહોળા રસ્તાનાં જંકશન પર હયાત કબુતર સર્કલ |
| ૧૫ | ટી.પી.૩૯(ઉધના–લિંબાયત) ડુંભાલ ફાયર સ્ટેશન થી સંજયનગર તરફ જતાં ૩૬.૦૦મી.નાં રસ્તા અને કિષ્ના સીનેમા પાસે ૧૫.૦૦મી. પહોળા ટી.પી.રસ્તાનાં જંકશન પર (ક્રિષ્ણા સર્કલ) |
| ૧૬ | ટી.પી.૩૯(ઉધના–લિંબાયત) સંજયનગર પાસે ૪૫.૦૦મી. અને ૩૫.૦૦મી. રસ્તાનાં જંકશન પર |
| ૧૭ | ટી.પી.૧૯(પરવત–મગોબ) માં રઘુવીર ટેક્ષ માર્કેટ પાસે ૨૪.૦૦મી. અને ૧૮.૦૦મી. રસ્તાના જંકશન પર |
| ૧૮ | ટી.પી.૩૩(ડુંભાલ) ડુંભાલમાં ઝોન ઓફિસ થી આંજણા તરફ જતાં ૧૮.૦૦મી. નાં ટી.પી.રસ્તા પર નિલકંઠ હાઈટસ અને બેંચમાર્ક ટેક્ષ હબ પાસે ૧૮.૦૦મી. રસ્તાના જંકશન પર |
| ૧૯ | ટી.પી.૬૧(પરવત–ગોડાદરા)માં મીડલ રીંગરોડ પર એસ.કે.નગર પાસે ૪૫.૦૦મી. અને ૧૮.૦૦મી. રસ્તાનાં જંકશન પર |
| ૨૦ | ટી.પી.૧૯ (પરવત–મગોબ) સરદાર પટેલ સર્કલ થી પરવત ગામ તરફ જતાં અને પરવત પાટીયા થી પરવત ગામ તરફ જતાં ૨૪.૦૦મી. અને ૧૮.૦૦મી. રસ્તાનાં જંકશન પર |

**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)**
**સુરત મહાનગરપાલિકા**